# સોયાબીન પાકમાં ખેડુત દિનની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૦૯.૧૦.૨૦૧૮ના રોજ સિંગાપુર (તા. સિંગવડ) ગામ મુકામે કલસ્ટર પ્રથમ હરોળ નિદર્શન હેઠળ સોયાબીન (એન.આર.સી.-૩૭) પાકમાં **"ખેડુત દિન"**ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ સોયાબીનની જાત એન.આર.સી.-૩૭ ની લાક્ષણિકતા અને સોયાબીન પાકમાં સમસ્તરીય ફેલાવો વિશે, પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા શાકભાજી અને સોયાબીન પાકનો ખોરાક તરીકે ઉપયોગ કરવાથી થતા ફાયદા અને શાકભાજી પાકોની હાઇબ્રીડ અને સુધારેલ જાતોનુ મહત્વ, પ્રો. જી. કે. ભાભોર વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ સોયાબીન પાકમાં મુલ્યવર્ધન અને તેની વિવિધ બનાવટો વિશે ખેડુતભાઈઓને માહિતગાર કરવામાં આવેલ. આ કાર્યક્રમ દરમિયાન ખેડુતભાઈઓને જીવંત છોડ બતાવી સરખામણી પણ કરાવવામાં આવી અને ખેતર પર રૂબરૂ સોયાબીનના પાકને જોઈને ખેડુતોમાં ઘણો ઉત્સાહ વધેલો જોવા મળેલ. આ કાર્યક્રમમાં કુલ ૫૯ ખેડુતભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.



પ્રો. એન. ડી. મકવાણાનું ઉદ્દબોધન



પ્રો. એચ. એલ. કાચાનું ઉદ્દબોધન



પ્રો. જી. કે. ભાભોરનું ઉદ્દબોધન



ગ્રામ સેવક દ્વારા જુદી જુદી યોજનાકિય માહીતી




પાક નિદર્શન પ્લોટ